# વિહંગ

પક્ષીનિરીક્ષકો વચ્ચેનો સેતુ


વર્ષ ૧ અંક ૧

જુલાઇ - સપ્ટેમ્બર ૧૯૯૮

પ્રકાશક : 'વિહંગ' ટ્રસ્ટ



માર્ગદર્શક અને
વિષયનિષ્ણાત

લાલસિંહ રાઓલ

તંત્રી

ડૉ. બકુલ ત્રિવેદી

સંપાદક મંડળ

પી. એસ. ઠક્કર
ડૉ. આર. બી. બલર
કે. ડી. વૈષ્ણવ
દિલહાસ જાફરી



પત્રવ્યવહારનું
સરનામું

૧૯/૪૧૪, સત્યાગ્રહ છાવણી,
સેટેલાઇટ રોડ,
અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન : (R.) ૬૭૩૧૮૭૮
(H.) ૭૪૫૨૨૯૬


**'વિહંગ' ની આપની પાસેથી અપેક્ષાઓ**

(૧) સૂચનો, પ્રતિભાવો
(૨) લેખો
(૩) માહિતીઃ-
- પક્ષીનિરીક્ષણની વિગતો
- રસપ્રદ અવલોકનો
- અનુભવો

(૪) વિષયને લગતાં પ્રશ્નો
(૫) આપના પક્ષીનિરીક્ષક પરિચિતોનાં નામ સરનામાં

## પત્ર

લાલસિંહ રાઓલ

પ્રિય મિત્ર,

ઘણા વખતથી એક વાત મનમાં ઘોળાય છે. બે ત્રણ સ્નેહી મિત્રો તેને સતેજ કર્યા કરે છે. અંતે થયું કે થોડા મિત્રો આગળ તે વાત મૂકું. પરિણામે આ પત્ર.

જુદાં જુદાં, નાનાં-મોટાં ગામો-શહેરોમાં રહેતા અને પક્ષીનિરીક્ષણ કરતા શોખીનોનાં અનુભવો, નિરીક્ષણો તેમના પૂરતાં સીમિત બની રહે છે. આમાંનું ઘણું રસપ્રદ હોય છે. અન્ય પંખી નિરીક્ષકોને ઉપયોગી અને માર્ગદર્શક થઇ શકે તેવું હોય છે. પણ એકબીજાના તેમ જ અન્યત્ર રહેતાં પંખી શોખીનોનાં પરિચય/સંપર્કના અભાવે તેનો લાભ સૌને મળતો નથી. એવી કોઇક વ્યવસ્થા થવી જોઇએ; જેથી પ્રાપ્ત માહિતીની આપ લે થઇ શકે અને પક્ષીનિરીક્ષણનો શોખ ફેલાતો રહે. નવા નવા કિશોરો, યુવાનો તેમ જ વયસ્કો તેમાં રસ લેતા થાય એવી પણ મારી ઝંખના છે.

જીવનના આ તબક્કે ગુજરાત રાજ્યના પક્ષીનીરિક્ષણ પ્રેમીઓ માટે એક મંચ તૈયાર થાય તેવી ઇચ્છા અને લોભ રહે છે.

ગુજરાત રાજ્યમાં હવે કેટલાંય યુવાન યુવતિઓ અને મોટેરાંઓને પંખીઓની લગની લાગી ગઇ છે. તક મળતાં તેઓ પક્ષી નિરીક્ષણ કરવા નીકળી પડે છે.

જૂના-નવા, આવા બધા શોખીનો એકબીજાને ઓળખે, હળે-મળે, પોતાના અનુભવોની આપ લે કરે અને લખતા થાય તો નવા શિખાઉઓને માર્ગદર્શન મળતું રહે.

આ માટે નાના એવા એક સામયિકની જરૂર છે. વધતી જતી મોંઘવારીને ધ્યાનમાં લઇને ઓછામાં ઓછું ત્રણ મહિને પણ એકવાર સૌનો સંપર્ક થતો રહે તો સારું. બે-ચાર પાનાનો એક ત્રિમાસિક માહિતીપત્ર શરૂ કરીએ તો આ હેતુ સધાય.

આવું સંપર્કસૂત્ર પ્રગટ કરવા વિષેના આપના પ્રતિભાવો, વિચારો, સૂચનો આપ વિના સંકોચે લખો એવું હું ઇચ્છું છું. આપ સૌના સહકારથી આ કાર્ય આગળ ધપાવી શકાય.

તમારા મિત્રો / પરિચિતોમાંથી જે કોઇને પક્ષી નિરીક્ષણમાં રસ હોય તેઓનાં નામ-સરનામાં અમને મોકલી આપશો જેથી તેઓનો સંપર્ક કરી શકાય.

૧૯૯૮ના આ વર્ષમાં પંખીઓ સાથેની તમારી મૈત્રી ફૂલે ફાલે અને તેમનાં યોગક્ષેમ માટે કાંઇક યોગદાન આપતા રહો એવી શુભેચ્છા પાઠવું છું.

આપના પ્રતિભાવની આતુરતાપૂર્વક રાહ જોઇશું.

લી.

લાલસિંહના જયહિંદ


(સી-૨, હરિઓમ એપાર્ટમેન્ટ, ટાઇમ્સ ઓફ ઇન્ડીયા
પ્રેસની પાછળ, જીવરાજ પાર્ક, અમદાવાદ-૫૧)


> પંખી કરે ન ચાકરી, પંખી કરે ન કામ,
> નિજ શું નિજને ઓળખે, પંખી ધરે ન નામ !
>
> – રાજેન્દ્ર શુક્લ

# ઉડાન

ડૉ. બકુલ ત્રિવેદી

ઘણાં વર્ષોથી મને પ્રકૃતિ માટે સહજ આકર્ષણ હતું જ. તેમાંય પક્ષીઓની વિવિધતા, તેમના અવાજ, માળા કરવાની રીત, ઋતુ પ્રમાણે બદલાતું વૈવિધ્ય વગેરે વિષે મને સવિશેષ કુતુહલ રહેતું.

આ સહજ આકર્ષણ પક્ષીનિરીક્ષણના શોખમાં પરિવર્તિત થયું. માનનીય શ્રી લાલસિંહભાઇના સંપર્ક અને ત્યારબાદ સત્સંગથી એ શોખની પૂર્તિ પણ થતી રહી અને વેગ પણ મળ્યો.

આજે આ દિશામાં આગળ વધ્યા બાદ અને વિષયમાં થોડી જાણકારી મેળવ્યા પછી એક વિચાર મનમાં સક્રિય બનવા લાગ્યો. આ વિષયમાં સતત સંશોધન થતું રહે, વધુ અને નવી માહિતી એકઠી થતી રહે, એ માહિતી સૌને સુલભ બને, વધુ લોકોને આ વિષયમાં રસ લેતા કરી શકાય અને રસ લેતા લોકોને વધુ પ્રોત્સાહિત કરી શકાય, તે માટેનું કોઇ માળખું, રાજ્ય કક્ષાએ ઊભું કરી શકાય.

વ્યક્તિગત રીતે 'બર્ડ વોચિંગ' થતું રહે પણ કોઇ આદાન-પ્રદાન ન હોય તો તેવી જાણકારી કે માહિતી અન્યને ઉપયોગી ન થાય. સહકાર અને સંકલન વિના માહિતીનું એકત્રીકરણ, વિશ્લેષણ અને આગળ વધીને તેના થકી કોઇ અભ્યાસ ન થઇ શકે.

સાથે એ પણ વિચાર આવ્યો કે માનનીય શ્રી લાલસિંહભાઇ તથા અન્ય વયસ્ક, આ વિષયના થોડાક નિષ્ણાતોનો આપણો પક્ષી નિરીક્ષક પરિવાર, કેટલો લાભ લઇએ છીએ ?

આ વિચારો, શ્રી લાલસિંહદાદા તથા અન્ય પક્ષી નિરીક્ષક મિત્રો સમક્ષ મૂકતાં ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો, બલ્કે એમ કહેવાય કે સૌની આ જ લાગણી હતી.

આ વિચારોની ફલશ્રુતિ રૂપે 'વિહંગ' નું ઉડાન આરંભાયું છે. વિહંગના હેતુઓ મુખ્યત્વે ત્રણ ભાગમાં વહેંચી શકાય.

(૧) **સંવાદ :-**

પક્ષીનિરીક્ષક મિત્રો વચ્ચે પરસ્પર વિચારો અને માહિતીની આપલે થતી રહે તે પાયાની જરૂરિયાત છે. આપણે સૌ પરસ્પર એકબીજાને ઓળખીએ એ હેતુથી સૌ પ્રથમ અમે 'બર્ડ વોચર્સ ડિરેક્ટરી' નું કામ શરૂ કર્યું છે.

પ્રારંભિક યાદીમાં, બાકી રહેતા તથા નવા ઉમેરાતા સૌ પક્ષીનિરીક્ષક મિત્રોનો અમારે સમાવેશ કરવો છે. આમાં આપ સર્વ વાચકોનો સહકાર જરૂરી છે. પક્ષીનિરીક્ષક મિત્રાના તથા પરિચિતોના નામ, સરનામાં અવશ્ય મોકલતા રહેશો જેથી યાદી સંપૂર્ણ બની શકે.

પક્ષીનિરીક્ષકોના બહોળા વર્ગને સંબોધન અર્થે - કંઇક જાણવા, જણાવવા માટે 'વિહંગ' નો એક મંચ તરીકે ઉપયોગ થઇ શકે. આ અમારો પ્રાથમિક ઉદ્દેશ છે.

(૨) **સંચય :-**

આપણામાંના ઘણાં ઓછા Bombay Natural History Society (BNHS) અથવા News letter for Bird watchers (NLBW) ના સભ્યો હોઇશું, વળી રાષ્ટ્રીય કક્ષાના આ સામયિકોમાં પોતાના અનુભવો કે પક્ષીનિરીક્ષણની વિગતો મોકલવાવાળા એથી પણ ઓછા હોઇશું.

આ સંજોગોમાં રાજ્ય કક્ષાનું એક સાધન પત્રિકા સ્વરૂપે હાથવગું હોય તો વાત-વિચાર વિનિમય વધુ સહજ-સુલભ બને.

વ્યક્તિગત રીતે અને છૂટા છવાયા થયેલા પક્ષીનિરીક્ષણોની વિગતો તથા તેને લગતા અનુભવો અને રસપ્રદ માહિતી આવા સામયિક દ્વારા સૌને ઉપલબ્ધ પણ બને અને એ વિગતો જરૂર પ્રમાણે સંકલિત થઇ શકે.

'વિહંગ' નો બીજો મહત્ત્વનો હેતુ છે રાજ્યભરમાંથી ઉપલબ્ધ માહિતી એકત્ર કરવાનો.

(૩) **સંશોધન :-**

સમય અને બદલાતા જતા સંજોગોમાં અસ્તિત્વ ધરાવતું સાહિત્ય હંમેશા અદ્યતન ન રહે. માહિતી સામગ્રીમાં ફેરફારો તથા ઉમેરો કરતાં રહેવું ખૂબ જ અગત્યનું છે.

પક્ષીઓની જુદી જુદી જાતિઓનાં વ્યાપ અને વિસ્તારમાં સમય સાથે થતા ફેરફારો વિષે શું આપણે માહિતગાર છીએ ? વળી તેઓના લાંબા અંતરના તથા પ્રાદેશિક સ્થળાંતર વિષેના ઘણા કોયડાઓ હજી વણઉકલ્યા છે.પંખીના જીવનવ્યવહાર વિષે હજુ ઘણું જાણવાનું બાકી છે.

નવા સંશોધનોની દિશામાં આગળ વધવાનું તથા ચાલી રહેલા સંશોધનોમાં યત્‌કિંચિત્ મદદરૂપ થવાનું 'વિહંગ'નું અંતિમ ધ્યેય છે.

## 'વિહંગ'ના સ્વરૂપ, શૈલી અને અભિગમ

(૧) 'વિહંગ' ૪ પાનાનાં ત્રિમાસિક માહિતીપત્ર સ્વરૂપે બહાર પડશે.

(૨) 'વિહંગ' નું માધ્યમ ગુજરાતી રહેશે. જરૂર પડ્યે અંગ્રેજી કે હિન્દીમાં લેખ સામેલ કરવાની છૂટછાટ રહેશે.

(૩) 'વિહંગ' માં ગુજરાત રાજ્યના પક્ષીજગતને સીધી કે આડકતરી રીતે સાંકળી લેતા વિષયોને આવરી લેવાની મર્યાદા નક્કી કરી છે.

(૪) 'વિહંગ' રાજ્યના પક્ષીનિરીક્ષકોનાં બહોળા વર્ગ સુધી પહોંચવાનું લક્ષ્ય સેવે છે. આ માટે તે હંમેશા પક્ષીનિરીક્ષકોની સંપૂર્ણ યાદી બનાવવા કાર્યશીલ રહેશે.

(૫) 'વિહંગ' સૌ પક્ષી મિત્રોને એક સ્વતંત્ર મંચ પૂરો પાડવાનો હેતુ રાખે છે જેથી સૌ તેના થકી મુક્તપણે વિચારવિનિમય તથા અભિપ્રાયોનું અને વિગતોનું આદાન-પ્રદાન કરી શકે.

(૬) સમાવિષ્ટ લેખ કે માહિતી સાથે સંપાદક મંડળની સંમતિ જરૂરી નથી.

(૭) જરૂર જણાતાં, પ્રકાશિત લેખો કે માહિતીની સાથે વિષય નિષ્ણાતની ટિપ્પણીનો સમાવેશ થશે.

(૮) સંકલિત માહિતી સામગ્રી સાથે લેખકનું નામ હંમેશાં જોડાયેલું રહેશે. સંકલિત વિગતો તથા નિષ્કર્ષ સૌને માટે મુક્તપણે ઉપલબ્ધ રહેશે.

(૯) લવાજમના દર વિષે આપ સૌના અભિપ્રાયો અને વિચારો જાણ્યા બાદ ભવિષ્યમાં નિર્ણય લેવાશે.

(૧૦) 'વિહંગ' સૌનું પૂરક થવાની નેમ ધરાવે છે. રાષ્ટ્રીય તથા રાજ્યકક્ષાએ બહાર પડતાં અન્ય, આ વિષયને લગતા સામયિકો, જુદાં જુદાં પ્રકૃતિમંડળો, સરકારી તથા બીન-સરકારી સંસ્થાઓ તથા વ્યક્તિગત રીતે પક્ષીનિરીક્ષકો સાથે પરસ્પર સહકારની ભાવના તે ઝંખે છે.

(૧૧) 'વિહંગ' સૌના સામૂહિક પ્રયાસથી રાજ્યમાં પક્ષીઓનાં અસ્તિત્વ તથા વૈવિધ્યની જાળવણી અને પંખીજગતના વિકાસ માટે કશુંક કરી છૂટવાની ઉપરાંત ''પક્ષીનિરીક્ષણ'' ના શોખને પ્રોત્સાહિત કરવાની ઉત્કંઠા ધરાવે છે.

(૧૯/૪૧૪, સત્યાગ્રહ છાવણી, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૧૫)

# જળપ્લાવિત ક્ષેત્રોમાં પક્ષી ગણતરી એક વિહંગાવલોકન

- પી. એસ. ઠક્કર

જળપ્લાવિત ક્ષેત્રોમાં પક્ષીગણતરીનું કાર્ય વિશ્વમાં ૧૯૫૨થી શરૂ થયું છે. જાપાનમાં કુંજ પક્ષીની ગણતરીનો એક કાર્યક્રમ ૧૯૫૨માં શરૂ કરવામાં આવ્યો હતો.

૧૯૫૪માં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પક્ષીઓ અને જળપ્લાવિત ક્ષેત્રોના સંશોધન તથા તેવા ક્ષેત્રોના રક્ષણ માટે કાર્ય કરવા એક બ્યુરોની

સ્થાપના કરવામાં આવી હતી. તેમાં આજે લગભગ ૭૫ જેટલા દેશ સભ્યપદ ધરાવે છે.

એશિયામાં ૧૯૬૦ના દશકામાં કેટલાક સ્થળે નિયમિતરીતે પક્ષીગણતરીનું કાર્ય થતું હતું. ૧૯૬૭ના જાન્યુઆરી માસમાં ઇરાનના પર્યાવરણ વિભાગે ચોક્કસ પક્ષીઓનાં રહેઠાણોના રક્ષણ તથા ત્યાંનાં પક્ષીઓની સંખ્યા વિષે જાણકારી મેળવવા રાષ્ટ્રીય ક્ષેત્રે પક્ષી ગણતરીનો કાર્યક્રમ હાથ ધર્યો હતો. પાકિસ્તાનમાં '૭૦ ના દાયકામાં પક્ષી ગણતરીનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો જે આજે પણ ચાલુ છે.

૧૯૭૧માં ઇરાનમાં રામસર મુકામે, જળપ્લાવિત ક્ષેત્રોનાં રક્ષણ માટે કટિબધ્ધ થવાનું જાહેર કરવા એક આંતરાષ્ટ્રીય સંમેલન મળ્યું. દુનિયામાં આવેલા અગત્યના જળપ્લાવિત ક્ષેત્રોની યાદી બનાવી જળપ્લાવિત ક્ષેત્રોનાં રક્ષણ અને નિયમન માટે તેમણે નિયમો ઘડી કાઢયાં, જે રામસર સંધિ (કન્વેન્શન) તરીકે ઓળખાય છે. આપણો દેશ પણ આ સંધિ પર હસ્તાક્ષર કરનાર એક સભ્ય દેશ છે.

હોંગકોંગમાં પક્ષીગણતરીનો કાર્યક્રમ ૧૯૮૦થી શરૂ કરવામાં આવ્યો હતો. શ્રીલંકામાં આ કાર્યક્રમ ૧૯૮૩થી શરૂ થયો છે. ભારતમાં સૌ પ્રથમ એશિયન મીડ વીન્ટર વોટર ફોલ સેન્સસ - (મધ્ય શિયાળુ પક્ષીગણતરીનો કાર્યક્રમ) ૧૯૮૭માં સૌ પ્રથમવાર શરૂ કરવામાં આવ્યો હતો. આજ વર્ષથી ગુજરાતમાં પણ પક્ષી ગણતરીના કાર્યક્રમની શરૂઆત થઇ હતી.

ગુજરાતના પક્ષી નિરક્ષણમાં રસ ધરાવતા આપણામાંના ઘણા આ પક્ષીગણતરીમાં ભાગ લઇએ છીએ. હાલમાં ગુજરાતમાં આ ગણતરીમાં ભાગ લેતા મિત્રોની સંખ્યા આશરે ૬૦ની છે.

૧,૯૫,૯૮૦ ચો.કિ. જેટલું ક્ષેત્રફળ અને આશરે ૧૬૦૦ કિ.મી. જેટલો દરિયાકિનારો ધરાવતા ગુજરાત રાજ્યમાં જળપ્લાવિત ક્ષેત્રોનો પૂરોપૂરો અભ્યાસ તો થઇ શક્યો નથી. પરંતુ સ્વૈચ્છિક રીતે લગભગ ૨૦૦ જેટલા જળપ્લાવિત ક્ષેત્રોમાં દર વર્ષે પક્ષી ગણતરીનું કાર્ય થાય છે.

તાજેતરમાં અંતરિક્ષ ઉપયોગ કેન્દ્રની એક ટીમ દ્વારા ગુજરાતનાં જળપ્લાવિત ક્ષેત્રોનો અભ્યાસ કરવામાં આવ્યો છે. આ ટીમના રિપોર્ટ પ્રમાણે ગુજરાતનાં જળપ્લાવિત ક્ષેત્રો અંતરિયાળ જમીન પર આશરે ૨૦૯૨ ચો. કિ.મી. વિસ્તારમાં છે, જેમાં કુદરતી ૩૯ જળાશયો ૪૯૪ ચો. કિ.મી. વિસ્તારમાં તથા માનવસર્જિત ૩૫૪ જેટલા જળાશયો ૧૫૯૮ ચો. કિ.મીનો વિસ્તાર ધરાવે છે. આ બધાં જળાશયો ૫૬ હેક્ટર કરતાં ઓછો વિસ્તાર ધરાવતા હોય તેવાં ૫૮૮ જળપ્લાવિત ક્ષેત્રો છે.

દરિયાકિનારાના કુદરતી જળપ્લાવિત ક્ષેત્રોની સંખ્યા ૩૮૫ જેટલી છે જે ૨૪૬૨૩ ચો. કિ.મી. વિસ્તારમાં ફેલાયેલી છે. દરિયાકાંઠે આશરે ૫૩ જેટલા મીઠાના અગરનો વિસ્તાર ૪૬૦ ચો. કિ.મી. માં પથરાયેલો છે. આમાં ૫૬ હેક્ટર કરતાં નાના વિસ્તારોનો સમાવેશ નથી.

સ્વાભાવિક છે કે આવડા મોટા વિસ્તારમાં માત્ર છૂટા છવાયા સ્વેચ્છાએ કામ કરતા લોકો, ટૂંક સમયમાં બધાં ક્ષેત્રોનો અભ્યાસ તો ન જ કરી શકે. આમ છતાં ગુજરાતમાં જે કાંઇ શરૂ થયું છે તે નોંધપાત્ર છે.

૨૦૦૦૦ કરતાં વધારે પક્ષીઓ એક સાથે કોઇ જળપ્લાવિત ક્ષેત્ર માં હોય તો તે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે મહત્ત્વનું ક્ષેત્ર ગણાય છે અને તેને સુરક્ષિત જળપ્લાવિત ક્ષેત્ર તરીકે જાહેર કરવામાં આવે છે. હાલમાં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે મહત્ત્વનું ગણાવી શકાય તેવું એક માત્ર જળપ્લાવિત ક્ષેત્ર ગુજરાતમાં નળ સરોવર છે. ભારતમાં આવાં ૨૧ જળપ્લાવિત ક્ષેત્રો તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

છેલ્લા અગિયાર વર્ષથી પક્ષી ગણતરીના કાર્યક્રમને અંતે એક રસપ્રદ હકીકત એ જાણવા મળી છે કે ગુજરાતમાં આવાં જળપ્લાવિત ક્ષેત્રો ઘણા છે જે ૨૦૦૦૦ કરતાં વધુ પક્ષીઓને રહેઠાણ પૂરું પાડે છે, અને જેની ગણના આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે મહત્ત્વના જળપ્લાવિત ક્ષેત્ર તરીકે થવી જોઇએ.

કચ્છ; બનાસકાંઠા, જૂનાગઢ, ખેડા, મહેસાણા, ભરૂચ, ભાવનગર, અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લાઓમાં આવેલા આવાં કેટલાંક સ્થળો નીચે મુજબ છે.

| અનું નં. | સ્થળ (જળપ્લાવિત ક્ષેત્ર) | નજીકનું ગામ | વર્ષ | પક્ષીની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | કચ્છનું નાનું રણ | ચેરીવાડ સુરજબારી (માળિયા-સુરબારી પુલ પાસે) | ૧૯૯૫<br>૯૬ | ૫૦૦૦૦ કરતાં વધારે |
| ૨ | કચ્છનું નાનું રણ | બનાસનદી નો મુખપ્રદેશ અમરાપુર | ૧૯૪૬ | ૧ લાખ કરતાં વધારે |
| ૩ | કચ્છનું નાનું રણ | નંદાબેટ | ૧૯૯૮ | ૨૦,૦૦૦ કરતાં વધારે |
| ૪ | કચ્છનું મોટું રણ | સિંડલ બેટ, ખાવડા. | ૧૯૪૫<br><br>૧૯૯૧ | ૫ લાખ કરતાં વધારે<br>૭૭,૦૦૦ |
| ૫ | કચ્છનું મોટું રણ | લીમડીયા બેટ માવસરી | ૧૯૯૬ | ૧ લાખ કરતાં વધારે |
| ૬ | બન્ની (કચ્છ) | શેળવો ઢંઢ, શેળવા | ૧૯૯૪<br>૧૯૯૮ | ૨૦,૦૦૦ કરતાં વધારે |
| ૭ | બન્ની (કચ્છ) | લોરિયા ઢંઢ | ૧૯૯૪<br>૧૯૯૮ | ૨૦,૦૦૦ કરતાં વધારે |
| ૮ | બન્ની (કચ્છ) | છારી ઢંઢ, નખત્રાણા | ૧૯૯૫<br>૧૯૯૪<br><br>૧૯૯૮ | ૫૦,૦૦૦<br>૨૦,૦૦૦ કરતાં વધારે<br>૨૦,૦૦૦ કરતાં વધારે |
| ૯ | કોરડા સંઢેર | કોરડા જી. બનાસકાંઠા | ૧૯૯૪<br>૧૯૯૬ | ૩૩,૦૦૦<br>૨૬,૦૦૦ |
| ૧૦ | અમીપુર જળાશય | અમીપુર (જી. જૂનાગઢ) | ૧૯૯૧<br>૧૯૯૨<br>૧૯૯૩<br>૧૯૯૪ | ૩૮,૦૦૦<br>૫૫,૦૦૦<br>૫૬,૦૦૦<br>૪૭,૦૦૦ |
| ૧૧ | કનેવાલ | ખંભાત જી. ખેડા | ૧૯૯૦<br>૧૯૯૧<br>૧૯૯૩<br>૧૯૯૪ | ૩૫,૦૦૦<br>૩૮,૦૦૦<br>૨૨,૦૦૦<br>૨૩,૦૦૦ |
| ૧૨ | પરિએજ | પરિએજ (જી. ખેડા) | ૧૯૯૨<br>૧૯૯૪ | ૨૮,૦૦૦<br>૨૨,૪૦૦ |
| ૧૩ | નવા પોર્ટ, ભાવનગર | ભાવનગર | ૧૯૯૩ | ૨૩,૭૦૦ |
| ૧૪ | નળ સરોવર | અમદાવાદ | ૧૯૯૪<br>૧૯૯૬ | ૧૧,૬૦૦<br>૨૪,૭૦૦ |
| ૧૫ | થોળ તળાવ | તાલુકો કડી જી. મહેસાણા | ૧૯૯૨ | ૧,૦૨,૦૦૦ |
| ૧૬ | ખંભાતના દરિયા-કિનારાનો વિસ્તાર | ખંભાત જી. અમદાવાદ | ૧૯૮૯ | ૬૧,૭૦૦ |
| ૧૭ | તાપી બેરેજ | જી. ભરૂચ | ૧૯૯૫<br><br>૧૯૯૬ | ૨૦,૦૦૦ કરતાં વધારે<br>૩૧,૦૦૦ |

# મોર - અલૌકિક સર્જન

હજરત અલી
અનુ. દિલહાસ જાફરી

( ઇસ્લામ ધર્મના મહાન પયગંબર હ. મોહંમદ સાહેબના પિત્રાઇ અને જમાઇ હજરત અલીનાં પ્રવચનો, પત્રો અને બોધવચનોનો સંગ્રહ એક પુસ્તક તરીકે પ્રકાશિત કરવામાં આવ્યો છે. તેનું નામ 'નહજુલ બલાગાહ' છે. આ લેખ તેમાંથી લેવામાં આવ્યો છે. આ પુસ્તકનું એરેબિક સાહિત્યમાં ઊંચું સ્થાન છે અને વિશ્વની અનેક ભાષામાં તેનું ભાષાંતર થયું છે.)

કુદરતે દરેક પ્રકારના સર્જનને, ભલે પછી તે સજીવ કે નિર્જીવ, ગતિરહિત કે ગતિશીલ હોય એક અલૌકિક પોશાક પહેરાવ્યો છે. તેણે મહાન કુદરત પર પોતાની નાજુક કારીગરીની એવી નિશાનીઓ છોડી છે કે જેને જોઇને બુધ્ધિજીવીઓએ એના અસ્તિત્વનો સ્વીકાર કરીને એની તાબેદારીમાં માથું નમાવી દીધું છે.

એમણે ભાતભાતના દેખાવવાળાં પક્ષીઓ બનાવ્યાં. એ પક્ષીઓ કે જેમને તેણે ધરાના ખાડાઓમાં, એની તડોમાં અને મજબૂત પહાડોની ટોચો પર વસાવ્યાં. એ પક્ષીઓ કે જે જુદી જુદી જાતની પાંખો અને પીંછા ધરાવે છે, જુદાં જુદાં રૂપ તેમ જ આકારનાં છે, અને ખુલ્લા આકાશમાં પાંખો ફફડાવે છે. પોતાની લલિત કુદરત અને સૂક્ષ્મ કારીગરી થકી આ પક્ષીઓને જુદા જુદા રંગો અર્પ્યા છે.

આ પક્ષીઓમાં બધાથી અદ્‌ભુત સર્જન કૃતિ મોર છે. સર્જનહારે તેનાં અંગ ઉપાંગોને સૌષ્ઠવપૂર્ણ સુદ્રઢ બીબામાં ઢાળ્યા છે. તેના રંગોને કળાત્મક રચનાથી ગોઠવ્યાં છે. આ સમતુલાની સુંદરતા એવાં પીંછાઓ થકી છે જેના મૂળોને એકમેકથી જોડી દીધા છે અને એવી પૂંછડી દૂર લાંબે સુધી ચાલી ગઇ છે.

જયારે તે એની માદા પાસે જાય છે ત્યારે તેની સંકેલાએલી પૂંછડીને વિસ્તારે છે અને તેને એવી રીતે ઊંચી કરે છે કે એ શિરછત્ર બનીને ફેલાઇ જાય છે. તે વખતે એ એવી લાગે છે કે તે દરિયામાં વિહરતા વહાણનું સઢ છે જેને નાવિક આમ તેમ ફેરવી રહ્યો છે. એ તેના રંગો પર ગર્વિત થાય છે. અને તેના આંદોલને ઝુમવા લાગે છે.

(કહેવાય છે કે) મોરની કામવૃત્તિ જાગૃત થાય ત્યારે એ તેની આંખોમાંથી નીર વહાવે છે જે આંખની બંને બાજુએ આવીને થંભી જાય છે, ઢેલ એ નીરનું પાન કરે છે. અને ઇંડા દેતી બની જાય છે. આ કેવળ તર્ક છે. વાસ્તવમાં મોર, મરઘાની જેમ મૈથુન કરે છે. અને કામાવેશથી મસ્ત બની પોતાની માદા સાથે કેલી કરે છે.

તમને એના પીંછાની સળીઓ ચાંદીની લાગશે અને તેના પર જે ચિત્ર વિચિત્ર કુંડળીઓ ચીતરેલી છે અને સૂરજનાં કિરણોની જેમ ટૂંવા ઊગેલા છે તે તમને સોના અને નીલમના ટુકડા જેવા જણાશે. તમે જો એને જમીનમાં ઊગતી કોઇ વસ્તુ સાથે સરખાવશો તો તમે એને બધી વસંતોમાં વીણેલી પુષ્પકળીઓની ફૂલદાનીની ઉપમા આપશો, વસ્ત્રો સાથે સરખાવશો તો એને નકશીદાર પોષાક કે યમની ચાદરની ઉપમા આપશો, ઘરેણાંઓ સાથે સરખાવશો તો કુંડળી આકારે ફેલાએલા રંગબેરંગી જવાહરજડિત ચાંદીના દાગીનાની ઉપમા આપશો.

એ કોઇ મદમસ્ત સુખિયાની ગર્વભરી ચાલે છાતી કાઢીને ચાલે છે અને પોતાની પૂંછડી અને પાંખોને નીરખે છે તો તેના પહેરવેશની રૂપ લાવણ્યતા અને કંઠવિસ્તારની કલાત્મક રંગાવલીને જોઇને એ ખડખડાટ હસી પડે છે. પગો પર નજર ફેંકે છે તો મોટેથી રડી પડે છે, જાણે કે ફરિયાદ કરતો હોય કારણકે તેના પગ ધૂળિયા રંગના ઝીણા અને પાતળા હોય છે.

તેની ગરદન સુરાહી જેવી લાગે છે. કેશવાળીની જગ્યાએ લીલા રંગનાં પીંછાઓનો નકશીદાર ગુચ્છો હોય છે. ગરદનથી પેટ સુધીનો ભાગ નીલવર્ણો છે, અથવા એ રેશમ મઢિત પોલીશ કરેલ આરસા જેવો દેખાય છે. તેની ચમકદમકના અતિરેકને લીધે એવો ખ્યાલ આપે છે કે તેમાં તાજગી ભર્યો લીલો રંગ અલગથી ઉમેરવામાં આવ્યો હોય.

તેના કાનનાં છીદ્રો સાથે જોડાયેલી ડેઇઝીનાં ફૂલો જેવી સફેદ ચમકદાર રેખા હોય છે જે કલમની બારિક અણી માફક હોય છે.

મોર ક્યારેક પીંછાથી વંચિત બની જાય છે પણ એ ફરી ઊગવા લાગે છે અને એ પહેલા હતો તેવો થઇ જાય છે.

(૨, પાર્કવેલી ફ્લેટ, જાફરી ટાવર્સ પાછળ, કોચરબ, અમદાવાદ-૬)

# વાવાઝોડામાં હજારો સુરખાબ પક્ષીઓનો વિનાશ

પી. એસ. ઠક્કર

આ વર્ષે જૂનમાં ફુંકાયેલા ભયાનક વાવાઝોડાથી કચ્છ અને સૌરાષ્ટ્રના સાગરકાંઠે મોટા પાયે આર્થિક નુકસાન અને જાનહાનિ થઇ. આ મોટાપાયે થયેલી તારાજીથી આપણે વિદિત છીએ. પરંતુ સુરખાબ પક્ષીઓનો જે વિનાશ થયો તેના તરફ બહુ ઓછા લોકોનું ધ્યાન ગયું છે.

કચ્છના નાના રણમાં સુરબારી પુલ પાસે આવેલા ચેરીવાડ ગામથી પૂર્વમાં પાંચ કિ.મી. દૂર નાના તથા મોટા સુરખાબ પક્ષીઓનું પ્રજનનસ્થળ આવેલું છે. બહુ ઓછા પર્યાવરણવિદો આ વિષે જાણે છે. આ અંગે ચેરીવાડના માછીમારોને પૂછતાં જાણવા મળ્યું કે તેમની ચાર-પાંચ પેઢીથી આ બંને પ્રકારના સુરખાબ દર વર્ષે વૈશાખ મહિનામાં અહીં ઈંડાં મૂકવા અને બચ્ચાં ઉછેરવા માટે આવે છે. શ્રી પી. જી. મજીઠિયાના જણાવ્યા અનુસાર ત્યાં પચાસ હજારથી વધારે અને ક્યારેક ૧ લાખ જેટલાં પક્ષીઓ પ્રજનન માટે આવે છે.

આ વર્ષે આ વાવાઝોડામાં અહીં આવતાં પક્ષીઓનું શું થયું હશે તે જાણવા માટે માળિયા, હરિપુર, સુરબારી અને ચેરીવાડના સ્થાનિક લોકોને પૂછતાં જાણવા મળ્યું કે હજારો પક્ષીઓ મૃત્યુ પામ્યાં હતાં અને તેમના મૃતદેહો પાણીમાં તરતા હતા જેથી આખી નાળનું તથા આસપાસનું સમગ્ર પાણી ગુલાબી રંગનું થઇ ગયું હતું.

પાંચ અઠવાડિયા બાદ મેં જ્યારે આ વિસ્તારની મુલાકાત લીધી ત્યારે માળિયાથી સુરબારી પુલ સુધી લગભગ આઠ કિ.મી. વિસ્તારમાં રસ્તાની બાજુમાં મરેલાં પક્ષીઓના દેહ વેરણછેરણ હાલતમાં પથરાયેલા જોવા મળતા હતા.

જામનગરના શ્રી જયદેવ નાન્સી તા. ૧૨ જૂનના રોજ કંડલામાં હતા ત્યારે ત્યાં તેમણે હાઇટેન્શન વીજ રેસાઓ પર આશરે પંદરસો જેટલા સુરખાબ જાણે કપડાં સૂકવવા માટે લટકાવ્યા હોય તેમ લટકતા જોયા હતા.

નવલખીના જયદીપ એસોસીયેટ્સના માલિક શ્રી ડી. યુ. જાડેજાના જણાવ્યા અનુસાર વવાણિયા અને બગસરાના તેમના મીઠાનાં અગરોમાં પણ અસંખ્ય મૃત પક્ષીઓ પાણી સાથે ખેંચાઇ આવ્યા હતાં.

(૨૪, ન્યૂ નંદનવન સોસાયટી, ઈસરો પાછળ, અમદાવાદ-૧૫)

Printed Book

To

પ્રકાશક : 'વિહંગ' ટ્રસ્ટ વતી ડૉ. બકુલભાઇ ત્રિવેદી  પ્રકાશન સ્થળ : ૧૯/૪૧૪, સત્યાગ્રહ છાવણી, સેટેલાઇટ રોડ, અમદાવાદ-૧૫.
મુદ્રક : ડૉ. બકુલભાઇ ત્રિવેદી  મુદ્રણ સ્થાન : 'શારદ પ્રકાશન', ૫, સનપોઇન્ટ કોમ્પ્લેક્ષ, ગુરૂકુળ ટાવર સામે, અમદાવાદ-૩૮૦ ૦૫૨.